ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2026-27/105 Dt. 15/09/2026

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ‘સુરતની આગામી આર્થિક ઉડાનને વેગ - ફ્યુઅલ ટુ ફેબ્રિક’ પર પેનલ ડિસ્કશન યોજાયું

## પડકારો સામે ઝૂકવું સુરતના સ્વભાવમાં નથી, દરેક પડકારને અવસરમાં પલટાવવો એ આપણી તાકાત: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

## સુરતમાં આયાત થતા 11 મિલિયન ટન કોલસામાંથી 60% દક્ષિણ ગુજરાતના ઉદ્યોગો વાપરે છે: રાકેશ શાહ

## ઈન્ડોનેશિયાના નિયમો, ચીનનો સ્ટોક અને બન્કર ફ્યુઅલના ભાવ વધારાથી કોલસો મોંઘો થયો

## દેશની ફાર્મા નિકાસમાં ગુજરાતનો હિસ્સો 70% : પ્રશાંત પટેલ

## 100થી 180 દિવસની લાંબી પેમેન્ટ સાઈકલથી ટ્રેડિંગ ચેન પ્રભાવિત; સસ્તી લોન મળે તો ટેક્સટાઈલને સંજીવની મળશે: સુનિલ જૈન

સુરત, 15 સપ્ટેમ્બર 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા ગુરુવાર, તા. 10 સપ્ટેમ્બર 2026ના રોજ સાંજે 05:30 કલાકે, સરસાણા સ્થિત ‘સંહતિ’ ખાતે ‘સુરતની આગામી આર્થિક ઉડાનને વેગ - ફ્યુઅલ ટુ ફેબ્રિક’ વિષય પર એક ઉચ્ચસ્તરીય પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ટેક્સટાઈલ, એનર્જી અને કેમિકલ ક્ષેત્રના અગ્રણીઓએ ઉદ્યોગ સામેના પડકારો અને ભાવિ દિશા અંગે ગહન મંથન કર્યું હતું.

### પડકારોને અવસરમાં પલટાવવાની સુરતની ક્ષમતા: અશોક જીરાવાલા

કાર્યક્રમના પ્રારંભે ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "સુરતનો ઇતિહાસ સાક્ષી છે કે આ શહેર ક્યારેય મુશ્કેલીઓ કે વૈશ્વિક મંદી સામે ઝૂક્યું નથી. પ્રતિકૂળ સંજોગો વચ્ચે પણ માર્ગ કાઢીને દરેક પડકારને નવી ઔદ્યોગિક તકમાં ફેરવવી એ સુરતના ઉદ્યોગકારોની સાચી ખુમારી છે. સમગ્ર વેલ્યુ ચેઇનમાં આપણી આંતરિક એકતા, દીર્ઘદ્રષ્ટિ અને અદમ્ય આત્મવિશ્વાસ જ સુરતને આગામી વૈશ્વિક આર્થિક ઉડાનમાં અગ્રેસર રાખશે."

### કોલસાના ભાવ વધારાનાં કારણો અને વપરાશ: રાકેશ શાહ

તરણજોત રિસોર્સના શ્રી રાકેશ શાહે જણાવ્યું હતું કે, હાલમાં કોલસાના ભાવમાં ઉછાળો આવવા પાછળ વૈશ્વિક પરિબળો જવાબદાર છે. ઈન્ડોનેશિયાના નવા નિયમોને કારણે નિકાસમાં ઘટાડો થયો છે, શિયાળાની સીઝનને ધ્યાનમાં રાખીને ચીન દ્વારા મોટા પાયે સ્ટોક થઈ રહ્યો છે અને સ્ટીમરમાં વપરાતા ફ્યુઅલ બન્કરના ભાવ વધતાં શિપિંગ ખર્ચ પણ વધ્યો છે. સુરતમાં વાર્ષિક આશરે 11 મિલિયન ટન કોલસાની આયાત થાય છે, જેમાંથી લગભગ 60% કોલસો દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોમાં વપરાય છે.

### કેમિકલ-ડાઈઝ ક્ષેત્રે ભારતનું વર્ચસ્વ: પ્રશાંત પટેલ

સુયોગ ડાય કેમિના શ્રી પ્રશાંત પટેલે ક્વોલિટી પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, સસ્તા રો-મટીરિયલના ઉપયોગથી આખરી પ્રોડક્ટની ગુણવત્તા જોખમાય છે. કેમિકલ સેક્ટરમાં ભારત ડાઈઝ અને પિગ્મેન્ટ્સ ક્ષેત્રે વિશ્વમાં બીજા ક્રમે છે. સમગ્ર દેશમાંથી થતી ફાર્મા નિકાસમાં ગુજરાતનો હિસ્સો 70% જેટલો છે, જ્યારે ડાઈઝ અને પિગ્મેન્ટ્સમાં રાજ્ય 70%થી 80% નિકાસનું નેતૃત્વ કરે છે.

### ઓવર પ્રોડક્શન અને પેમેન્ટ સાઇકલની અડચણો: સુનિલ જૈન

ઈન્ડિયન વુમન ફેશન પ્રા. લિ.ના શ્રી સુનિલ જૈને ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, માર્કેટમાં ઓવર પ્રોડક્શનને લીધે ટ્રેડિંગમાં મુશ્કેલી ઊભી થાય છે. 100થી 180 દિવસ જેટલા લાંબા પેમેન્ટ ટર્મ્સના કારણે ટ્રેડિંગ સાઈકલ ખોરવાઈ જાય છે અને વર્કિંગ કેપિટલ બ્લોક થાય છે. જો સરકાર દ્વારા ટેક્સટાઈલ સેક્ટરને રાહત દરે (ઓછા વ્યાજે) ફાઇનાન્સિંગ ઉપલબ્ધ કરાવવામાં આવે તો સમગ્ર ટ્રેડિંગ ચેઈનને નવી સંજીવની મળશે.

આ સમગ્ર પેનલ ડિસ્કશનના અંતે એક મહત્વપૂર્ણ તારણ એ પણ નીકળ્યું હતું કે, હાલમાં ફ્યુઅલ-કોલસા, રો-મટીરિયલના મોરચે ઊભી થયેલી પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી બોધપાઠ લઈને સરકારે હવે સક્રિય પગલાં ભરવા જોઈએ. આંતરરાષ્ટ્રીય બજારોની વધઘટ, ભૌગોલિક-રાજકીય સંકટો કે વૈશ્વિક નિયમોના ફેરફાર જેવા બાહ્ય પડકારો અને અણધારી આફતો સામે સ્થાનિક ઉદ્યોગોને કવચ પૂરું પાડવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી એક નક્કર, સુરક્ષિત અને દીર્ઘકાલીન પોલિસી રોડમેપ તૈયાર કરવામાં આવે જેથી સુરતના ઔદ્યોગિક વિકાસની રફતાર કોઈ પણ સંજોગોમાં અટકે નહીં.

આ પેનલ ડિસ્કશનમાં ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઈ, માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠીયા અને માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ સહિત ઉદ્યોગસાહસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની રૂપરેખા અને સંચાલન ગ્રૂપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ કર્યું હતું. ચેમ્બરની સુરત ઈકોનોમિક ફોરમ કમિટીના ચેરમેન CA (ડૉ.) પ્રજ્ઞેશ જગાશેઠે મોડરેટર તરીકેની ભૂમિકા નિભાવી અને આભારવિધિ સંપન્ન કરી હતી.